# આદિવાસીઓમાં પરંપરાગત ઔષધો

( વંશી )

## પંચમહાલ જિલ્લો

ડૉ. સિદ્ધરાજ સોલંકી

જસવંતસિંહ રાઠોડ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦ ૦૧૪.

૧૯૮૮

૨૪૮

# આદિવાસીઓમાં પરંપરાગત મેળાઓ

( વંશી )

પંચમહાલ જિલ્લો

~~સંશોધકો~~

ડૉ. સિદ્ધરાજભાઈ સોલંકી

જશવંતસિંહ રાઠોડ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.૧૪

૧૯૮૯

~~૧૯૮૭-૮૮~~.

અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક:- | |
| | વિસ્તાર અને વસતિ | ૧ થી ૫ |
| ૨. | વનૌષધિ અને પધ્ધતિ | ૬ થી ૧૧ |
| ૩. | વનૌષધિની વિગતે નોંધ | ૧૨ થી ૭૨ |
| | પરિશિષ્ટ: | |
| | ૧. મુલાકાતીઓના નામ અને ગામ | ૭૩ |
| | ૨. સંદર્ભ સાહિત્ય | ૭૪ |

## પ્રાસ્તાવિક

પંચમહાલ જિલ્લાના લીમખેડા તાલુકાના વાનપુર, પીપેરો, પીપરગોટા, કંજેરા, પાનમ અને રતન મહાલના વિસ્તારના ગામોમાં પરંપરાગત વન ઔષધોનું ક્ષેત્રકાર્ય જુલાઈ ૧૯૮૭ માં કરવામાં આવ્યું. આ વિસ્તારમાં વનસ્પતિ દવા જાણકાર ૧૪ વ્યકિતઓનો વ્યકિતગત સંપર્ક સાધી તેમની પાસેથી જુદી જુદી ૧૩૨ જાતની વનસ્પતિ દવાઓની જાણકારી મેળવી હતી. દરેક જાણકાર વ્યકિતઓ પોતાના વિસ્તારમાં ઉપલબ્ધ હોય તેવી દવાઓ જાણતા હતા. પોતે જેનો અનુભવ કે ઉપયોગ ન કર્યો હોય તેવી દવાઓ બતાવવાનો કે લખાવવાનો ઈન્કાર પણ કરી દેતા.

## વિસ્તાર - વસતિ

ગુજરાતમાં ભીલ જાતિની વસતિ ધરાવતા મહત્વના જિલ્લાઓમાં સૌથી વધુ વસતી પંચમહાલ જિલ્લામાં છે. પંચમહાલ જિલ્લામાં ભીલો ઉપરાંત રાઠવા, નાયક, નાયકડા, પટેલિયાની વસતિ છે. પણ ભીલોની વસતિના સંદર્ભમાં તેમનું પ્રમાણ ઘણુંજ ઓછું છે. જિલ્લામાં ભીલોની વસતી મુખ્યત્વે સંતરામપુર, ઝાલોદ, દાહોદ અને લીમખેડા તાલુકાઓમાં વિશેષ જોવા મળે છે. જ્યારે નાયક-નાયકડાઓની વસતી મુખ્યત્વે બારિયા, હાલોલ, ગોધરા, શહેરા, લીમખેડા વગેરેમાં વહેંચાયેલી જોવા મળે છે. રાઠવાની વસતી મુખ્યત્વે દેવગઢ બારિયા અને હાલોલ તાલુકાઓમાં જ છે. પંચમહાલ જિલ્લામાં આદિવાસી વસતિની દૃષ્ટિએ મહત્વના

..૨.

જેવા સંતરામપુર, ઝાલોદ, દાહોદ, લીમખેડા , દેવગઢ-બારીયા, તાલુકાઓ છે. આ તાલુકાઓમાં તેમની કુલ વસતીના સંદર્ભમાં આદિવાસી વસતિનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

જિલ્લાના આદિવાસી વસ્તિવાળા મહત્વના તાલુકા (૧૯૮૧)

| તાલુકા | કુલવસ્તી | આદિવાસી વસ્તી | ટકા |
|---|---|---|---|
| ૧. સંતરામપુર | ૩૨૩૨૬૮ | ૨૧૪૬૯૩ | ૬૬.૪૧ |
| ૨. ઝાલોદ | ૨૦૦૪૪૫ | ૧૭૧૫૪૯ | ૫૦.૫૮ |
| ૩. દાહોદ | ૨૯૬૩૨૨ | ૨૧૫૭૭૪ | ૭૨.૮૧ |
| ૪. લીમખેડા | ૨૧૧૪૭૦ | ૧૨૩૫૫૭ | ૫૮.૪૨ |
| ૫. દેવગઢબારીયા | ૨૭૫૧૦૪ | ૧૦૪૯૮૩ | ૩૮.૧૬ |
| | ૨૩૨૧૬૮૯ | ૯૬૯૫૨૩ | ૪૧.૭૬ |

ઉપરના કોઠા પરથી જોઈ શકીએ છીએ કે પંચમહાલ જિલ્લામાં આદિવાસી વસ્તીના પ્રમાણની દ્રષ્ટિએ મહત્વના પાંચ તાલુકાઓમાં કુલ વસતિનો સંદર્ભમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ સવિશેષ છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાત ની કુલ આદિવાસી વસ્તીના ૩૮.૮૭ ટકા એકલાં ભીલોની વસ્તી છે. જેમાં પંચમહાલ જિલ્લો મોખરે છે.

## ઉત્પત્તિઃ-

ભીલોની ઉત્પતિ વિષે કશું સ્પષ્ટ કહી શકાતું નથી. કારણ કે તે અતિ પ્રાચીન જાતિ છે. અને તે પછી આવેલી અનેક જાતિઓના સંસર્ગમાં તે સતત આવ્યા જ કરી છે.

પરિણામે તેમનામાં અનેક સંમિશ્રણો થતાંજ રહયાં છે. ઉપરાંત 'ભીલ' નામે ઓળખાતાં બધાંજ જુથોમાં એક સમાન તત્વો કે લક્ષણો જોવા મળતાં નથી. 'ભીલ' શબ્દ મૂળ દ્રવિડ ભાષા ના 'બીલ' શબ્દમાંથી ઉતરી આવ્યો છે. ભીલ પ્રાચીન કાળથી પોતાની સાથે કામઠી અને તીર રાખતા આવ્યા છે. 'બીલ' નો અર્થ 'બાણ' થાય છે. જેનો અર્થ કાપવું થાય છે. એટલે જંગલમાં લાકડાં વગેરે કાપતી કે તેની પર ગુજારો કરતી પ્રજા. 'બીલ' શબ્દનું અપભ્રંશ થતાં 'ભીલ' થયું હશે.

<u>રહેઠાણ વ્યવસ્થા :</u>

ભીલો છુટા છવાયા વસે છે. ઘર માટી, વાંસ, વળી કે તુવરની સાંઠીમાંથી બાંધવામાં આવે છે. ઘરમાં એક ઓરડો, ઓસરી હોય છે. ઘરની આગળ ઢોરોને બાંધવા લાકડાનું બનાવેલું વેઢ-કોઢ હોય છે. છાપરા ઉપર થાપડ' નળિયા કે ખાખરા અથવા સાગના પાન ઢાંકેલા હોય છે. ઘરમાં ચુલો ઘંટી, કથરોટ, એલ્યુમિનિયમના અને માટીનાં વાસણો , સવિશેષ હોય છે. ઘરની બહાર પાણી મુકવા માટે લાકડાની માલેડી- પાણિયારી બનાવેલી હોય છે. તલવાર, ભાલા, બંદૂક , તીર કામઠા, માછલાં પકડવાની જાળ, વગેરે ટીંગાવેલા હોય છે.

<u>પહેરવેશ</u> :-

ભીલોમાં પુરુષો માથે આંટાવાળા સફેદ પાઘડી જેમાં માથાનાં વચ્ચેનાં ટાલકાનો ભાગ ખુલ્લો રહે તે રીતે પહેરે છે. ઉપર ખમીસ તેની ઉપર કાળારંગની અને તેમાં સીલાઈથી સફેદ રેસાની ચક્રાકાર ફુલ ડિઝાઈનની બંડીઓ

નીચે પ્રણાલીગત રીતે સફેદ ધોતીયું-પોતડો પહેરે છે. રુપાનું ભોરિયું, મરકીઓ સેલકડીઓ, કંદોરો, ખમીસમાં બટનવાળી સાંકળ, વીંટીઓ, વગેરે ઘરેણાં પહેરે છે. સ્ત્રીઓના પહેરવેશમાં મોટી ~~xxx~~ ઘેરનો ઘાઘરો, ઓઢણું, અને કાંચળી પહેરે છે. ઘાઘરાને નાદડાં કહેવામાં આવે છે. જેમાં આંબલીભાતની છાપ હોય છે. આ ઘાઘરો-ચણિયો તેમનું મુખ્ય વસ્ત્ર ગણાય છે. સ્ત્રીઓ ઘરેણાની શોખીન છે. તેઓ કડલાં, બંગડીઓ, હાંસડી, સાંકળી, તોડા, વીંટીઓ, વિંછઆ, પાવળિયાં, પિતળિયો ખોખરા, ગુજરિયો, કાંકણો, પાટડીઓ, ડાળું, કિડિયાં, વેઠલા, વાળી, બોર, રાખડી, મેટલી, ઝાંખું, કાચલીઓ વગેરે જોવા મળે છે.

<u>ખોરાક</u> :-

ભીલો ખોરાકમાં મકાઈ, કુરી, કોદરા, બાવટો, બંટી, હામો, ચણા, અડદ, ઘઉં, જવ, તુવેર, ચોખા, વગેરે ખાય છે. ગાય ભેંસ, અને બકરાં પાળે છે. અને તેના દૂધમાંથી ઘી, છાસ, દહી, બનાવી પણ ખાય છે. હરણાં, સસલાં, કુકડાં, બકરો, લાવરી, હોલી, માછલી, વગેરેનું માંસ ખાયછે. શાકભાજી તથા જંગલી કંદમૂળનો પણ ઉપયોગ કરે છે. ચા, તમાકુ, પીએ છે. દારુનો છુટથી ઉપયોગ કરે છે. કોઈપણ વિધિ કરવામાં દારુ મહત્વનું અંગ છે.

<u>અર્થ વ્યવસ્થા</u>:-

આર્થિક દ્રષ્ટિએ જોતાં તેમનું જીવન ધોરણ ઘણું નીચું છે. તેમની જરુરિયાતો પણી ઓછી છે. તેમનો મુખ્ય ધંધો ખેતીનો છે. શિકાર કરવો માછલાં પકડવાં, મધ વેચવું, જંગલ પેદાશ એકઠી કરવી, લાકડા વીણવાં, મજરી કરવી વગેરે તેમનાં સહાયક ધંધાઓ છે. ખેતી પધ્ધતિમાં અને ઓઝારોમાં

ખાસ પરિવર્તન જોવા મળતું નથી. આમ છતાં તેમની ખેતી કરવાની પધ્ધતિ અને કેળવણી જોતાં સારા ખેડૂતની છાપ પડે તેમ છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન રતન મહાલનાં ડુંગર ઉપરના ગામે મકાઈનું ખેતર જોતાં એમ લાગે કે આવી મકાઈની કેળવણી કોઈ સારો ખેડૂત પણ ન કરી શકે તેવી હતી. તે મકાઈનાં ખેતરોમાં નિંદામણનું તો નામજ ન મળે. વળી છોડ પણ એવા કે જોતાંજ આંખને ગમે. પણ કમનસીબે તે બધાનું સો ટકા ફળ મેળવવા વરસાદ ઉપર આધારિત રહેવું પડે છે. અને વરસાદ જાણો રુઠયો હોય તેમ કેટલાંય વરસ નિયમિત અને જરુર પૂરતો આવતો નથી અને વરસ નબળું બની જાય છે. વળી તેમની પાસે એવા કાયમી સાધનો પણ નથી કે જેથી તેઓ પાક લઈ શકે. આમ વર્ષા નબળુ અને ટાંચાસાધનો આગળ લાચાર બની અન્ય વિસ્તારોનો આસરો તેમણે લેવો પડે છે. વધારેમાં વધારે સ્થળાંતર પંચમહાલમાંથી થાય છે. ભર ચોમાસે કામની શોધ માટે બસસ્ટેશન અને રેલ્વે સ્ટેશને તેમનાં ટોળે ટોળાં જૂજ સામાન સાથે જોવા મળે છે. આ છે તેમનો જીવન સંઘર્ષ, નબળી આર્થિક સ્થિતિના કારણે કયારેક જમીન અને રાચરચીલું પણ વેચી આજીવિકા ચલાવવી પડે છે. આવા સંઘર્ષમય જીવનને કારણે ઘણી બધી સામાજીક આર્થિક બદીઓના ભોગ બનવું પડે છે.

## વનૌષધિ અને પદ્ધતિ

જુદાજુદા ગામોના જાણકાર વ્યકિતઓની માહિતી મેળવી તેમની મુલાકાત લઈ વનસ્પતિ દવા અંગેની માહિતી એકત્ર કરી માહિતી મેળવવામાં ખાસ કંઈ મુશ્કેલી પડતી નથી. પણ સાથે કોઈ સ્થાનિક વ્યકિત રાખવાં જરુરી હોય છે. કયારેક એવું પણ બને છે કે સ્થાનિક વ્યકિતની હાજરીમાં તે દવાના નામો બતાવવામાં સંકોચ અનુભવે છે. કારણ કે તે વ્યકિત વનસ્પતિના નામો જાણતો હોય અને ઓળખતો હોય છે જેની તે બતાવવામાં સંકોચ અનુભવતા હોય તેવું કયારેક બને છે. પણ તેને વિશ્વાસ બેસે કે કહેવામાં કંઈ વાધો નથી ત્યારે ખુલ્લા દિલે જાણતો હોય તે બધીજ દવા બતાવી દીધા પછી જાતેજ કહે કે બસ હવે કંઈ જાણતો નથી. અથવા આટલી જ જાણું છું. આ છે તેમની નિખાલતા.

રતનમહાલના અને દેવગઢબારીયાના ગામોમાં કરી જાણકાર વ્યકિતઓ પાસેથી જે માહિતી મેળવી તેમાં વનસ્પતિનું નામ, કયા રોગમાં ઉપયોગમાં આવે, કેટલા સમયમાં રોગ મટે, તેને વાપરવાની રીત , પ્રમાણ, કયારે અને કયાં મળે તથા ઝાડ, છોડ, વેલના શબ્દ ચિત્ર દવારા ઓળખાણ વગેરે માહિતી મેળવી.

હવે તેમના માં રહેલા દવા અંગેના કેટલાક ખ્યાલો માન્યતાઓ, વાપરવાની રીત, લાવવાની રીત, તેમજ કેટલીક માન્યતાઓ વિઘ્નોની વિગતો જોઈશું.

.૭.

વનસ્પતિ ઔષધો ના જાણકાર ને આ વિસ્તારમાં 'વૈદ', 'વાદી', 'બડવો', 'જાણકાર' વગેરે નામો દવારા ઓળખવામાં આવે છે. આમાં કેટલાક એવા પણ હોય છે કે જેઓ દવા સાથે મંત્ર, તંત્ર પણ જાણતા હોય તેમને ખાસ કરી 'વાદી' અને 'બડવાને' નામે વધારે ઓળખવામાં આવે છે. વનસ્પતિ દવાઓ જાણનાર માં ઘણીબધી માન્યતા પ્રવર્તતી હોય છે. જેમકે, દવાનું નામ, કહેવાથી તેમાં રહેલો ગુણ નષ્ટ થઈ જાય છે. કોઈને બતાવવાથી તે ગુણ આપતી બંધ થઈ જાય છે. વગેરે માન્યતા હોવાને કારણે દવા લેવા આવનાર વ્યકિતને બીજા દિવસે સવારે કે સાંજે મોડા આવવાનું કહી જાણકાર તે દવા લાવવા માટેનો સમય અને સ્થળ ખાનગી રાખી શકવાનો હેતુ પણ પાર પાડી શકે છે. જો કે વિસ્તારના લોકો પણ તેને માન આપી તેની પાસે કોઈ આગ્રહ કે જાણવાની ઈચ્છા વ્યકત કરતા નથી. દવા લાવવામાં કેટલાક નીતિ નિયમો પાળવામાં આવે છે. દવા વહેલી સવારે લાવવાની વધારે અસર કારક રહે છે. એવું મનાય છે. બીજું દવા લાવતી વખતે દવાના છોડ ઉપર કે વેલ ઉપર તેનો પડછાયો પડવો જોઈએ નહી તેનો ખ્યાલ રાખવામાં આવે છે. જેથી પડછાયો નપડે તેમ રહી દવા લેવામાં આવે છે. કેટલીક દવાઓ એવી છે જે પોતાના ખેતરમાં કે છાડામાં પણ રાખવામાં ઉછેરવામાં આવે છે.

નાગદાવન એવી વેલ છે. જે વાડા કે ખેતરમાં થઈ શકે છે. નાગ કરડે ત્યારે તેનો ઉપયોગ થાય છે. તેવી દવા તાત્કાલીક આપવામાં આવે છે. તેને સારું ન થાય ત્યાં સુધી જાણકાર તે વ્યકિતને છોડી જતો નથી. આવી દવા આપવામાં એક પણ પૈસો લેવામાં આવતો નથી. પણ એક શ્રીફળ ચઢાવી દેવાનું કહેવામાં આવે છે. નાગ કરડેલ વ્યકિતને ઘરમાં ન બેસાડતાં બહાર બેસાડવામાં આવે છે જો તેને ઘરમાં

બેસાડેલ હોય તો ઝેર ઉતરતું નથી. તેમ માનવામાં આવે છે. આ જંગલમાં મળતી દવાઓ વિશે જાણકાર વ્યકિતઓમાં મુખ્યત્વે વડીલ વ્યકિતઓ હોય છે. તેઓ તેમના વિશ્વાસુ માણસ કે પોતાના કોઈ એકાદ દીકરાને દવાઓ બતાવી જતા હોય છે. જેથી આ વારસો ટકો રહે. પણ દિવસે દિવસે આ જાણકારી નું પ્રમાણ ઘટતું જતું હોય તેમ લાગે છે. કારણ કે નવી પેઢી વનસ્પતિ દવા કે બડવાઓમાં વિશ્વાસ નકરતાં દવાખાનાનો આશરો વધારે લેતી થઈ છે. જો કે ઘણાખરા કિસ્સામાં દવાખાના પહેલાં પણ તેઓ વનસ્પતિ દવા કે બડવા ભૂવાનો આશ્રયતો લેતાજ હોય છે. આ લોકો ખૂબ અસરકારક અને ઉપયોગી દવાઓ જાણતા હોય છે. તેવો એ જે દવાઓ બતાવી છે તે દવા જોતાં એમ લાગે કે ભાગ્યેજ કોઈ રોગ એવો હોય કે જેની વનસ્પતિ દવા ન હોય, અને તેઓ તે દવા જાણતા ના હોય. હા એમ બનવા સંભવ છે કે બધીજ દવા બધાજ વ્યકિતઓ જાણતા હોય તેવું જોવા મળતું નથી. પણ બધા મળી બધા પ્રકારની દવા જાણતા હોય તે વધારે શકયતા રહે લી છે. કેટલાંક પાસામાં આયુર્વેદની સરખામણીમાં આ લોકો પાસે વધારે જ્ઞાન હોય તે ચોકકસ પણે કહી શકાય તેમ છે. આયુર્વેદની દવાઓ એક કરતાં વધારે વનસ્પતિની મીલાવટ વાળી દવાઓ છે જેમાં ઘણા પ્રકારની ભસ્મ અને બીજી મીલાવટ કરે ત્યારે દવા તૈયાર કરી શકાય. જોકે આ અભ્યાસી અભિગમ કહી શકાય પણ આદિવાસીઓ જે દવા જાણે છે તે વનસ્પતિ સીધેસીધી દવા તરીકે ઉપયોગી હોય છે. જંગલમાં રહેનાર આ પ્રજા જે જંગલી ફળ, ફળાદીનો ઉપયોગ કરે છે તે વનસ્પતિ શાસ્ત્રનો દ્રષ્ટીએ કોઈને કોઈ પ્રકારની દવાજ હોય છે. આવી દવા મુકત ખોરાક જ તેમનામાં રહેલી નબળાઈ કે રોગ પ્રતિકાર શકિતનો વધારો કરતો

.૯.

હોય છે. જેના કારણે તેમને નબળાઈ કે અશકિત જેવી દવાઓ લેવાની જરુર પડતી નથી. તેમનું ધાન્ય પણ આયુર્વેદની દ્રષ્ટીએ ગુણકારી તેમજ પૌષ્ટીક છે અને ચોકખી અને તંદુરસ્ત હવા બારે માસ મળતી રહે તેવા વિસ્તારમાં જેરી જાનવરોનો સામનો કરવા સિવાય વધારે રોગો ના ભોગ બનવું પડતું નથી જેની આવી સ્થિતિના સામાના માટે દરેક વિસ્તારમાં વધારેમાં વધારે વનસ્પતિ દવાઓ, જાણકાર જોવા મળે છે. વનસ્પતિ દવા ઉપરાંત જંગલી પ્રાણીઓ અને પક્ષીઓનો ઉપયોગ પણ કયારેક દવા તરીકે કરવામાં આવે છે. દા.ત. મોરનો પગ, સસલાનું ખૂન, રતાંધણી, જરખનું તેલ, સાબરસીંગ વગેરે પશુ, પક્ષીનો ઉપયોગ દવા તરીકે કરવામાં આવે છે. વાઈ એવો રોગ છે જેનો કોઈ ઉપચાર આજ સુધી શોધાયો નથી ત્યારે તે રોગ માટે પણ એક નાના સાબુડી જેવા પ્રાણી જેને જંગલવાસી 'ખોખરી' નામે ઓળખે છે તે ખાવાથી વાઈનો રોગ મટે જેને આ વિસ્તારમાં કેકડું નામે ઓળખવામાં આવે છે. આમ વનસ્પતિ દવાઓ સાથે આવી દવાઓ પણ તે જાણતા હોય છે. કયારેક એવું પણ જોવા મળેકે આપણે જેને વધુમાં વધુ પૌષ્ટીક અને દરેક દવામાં ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ જેવીકે, મધ, મુશળી, ગરમાળા વગેરેને અહીં ફકત ખાવામાં કે દુકાને વેચવામાં ઉપયોગ કરવામાં આવે છે. તેનો દવા તરીકે ઘણાજ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. આમ આ રીતે જોઈએ તો હજુ પણ વધારે દવાનો ભંડાર તેમની પાસે છે. જેને આપણે પણ જાણતા નથી. સર્વ સામાન્ય તેમનું એક વાકય ''જેટલી વનસ્પતિ તેટલી દવા'' પણ તે ઓળખતા હોવા જોઈએ હડકાવા જેવા રોગ માટેની દવા પણ વનસ્પતિ દવાઓના જાણકારો પાસે પડેલી છે. તે ઘણીજ અચરજ અને ગૌરવની બાબત છે. પંચમહાલમાં આવેલ રતનમહાલનું જંગલ એ રીંછ અભ્યારણ જંગલ તરીકે રાખવામાં આવ્યું છે. રતનમહાલમાં લગભગ આઠ ગામોનો વસવાટ છે જે દરેક ગામ ડુંગરની અંદર કે તળેટીમાં વસવાટ કરે છે.

આદિવાસી પ્રજા ડુંગરને દેવ તરીકે જ માનતી આવી છે. આજે પણ તેઓ બાબા રતનમહાલના નામથીજ ડુંગરને ઓળખાવે છે અને ત્યાં દેવનો વાસ છે તેને સ્પષ્ટ માને છે. આ જંગલોમાં ગુજરાતના બીજા જંગલો કરતાં વધારે વનસ્પતિ દવાઓ ઉપલબ્ધ છે. અહીંના જંગલોમાં થતી આ વનસ્પતિઓમાં અત્યંત અમૂલ્ય અને ઉપયોગી ઔષધ હોવાથી તેને કોઈપણ ભોગે સાચવવી એ સમાજ અને સરકારની નૈતીક ફરજ થઈ પડે છે. જો આ જંગલને સાચવવામાં નહીં આવે તો કેટલીક વનસ્પતિ દવાઓ કોઈપણ જગ્યાએ ઓળખવા મળી શકવાની નથી. દા.ત. ગુજરાતના કોઈપણ જંગલમાં નથી એવો સફેદ ખાખરો જે વનસ્પતિ દવાઓમાં ઘણોજ ઉપયોગી છે તે આ જંગલમાં ક્યાંક ક્યાંક છે.× તેને કાપવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ. બહારથી આવતા કેટલાક જડીબુટીઓ વાળા પણ કેટલીક વેલ અને વનસ્પતિને જડમૂળથી ઉખેડી નાખી લઈ જાય છે. તો તે માટે પણ પ્રતિબંધ મૂકવો જોઈએ. વળી જે વનસ્પતિ કે વેલ દવાઓમાં ઉપયોગમાં આવતી હોય તેને જંગલમાંજ એક નર્સરી કરી ઉગાડી રાખવી જોઈએ. જેથી આવી અમૂલ્ય વસ્તુઓ સચવાઈ રહે. મારા ગાઈડ નવલસીંગ રાઠવાના કહ્યા પ્રમાણે થોડા વર્ષો પહેલાં એક દવારકાના સાધુ આવ્યા હતા. જેઓ તેને સાથે લઈ ગયા હતા. બાબા રતનમહાલના ડુંગર ઉપરથી કાળી હળદરનો છોડ હતો જે જડમૂળમાંથી ઉખાડી ગયા હતા. તેઓ તેનો ઉપયોગ રિધ્ધિસિધ્ધ માટે કરતા હોય છે. જો કે તે છોકરાને દવારકા સુધી લઈ ગયા હતા. અને તેને એક બંડલ આપ્યું હતું કે તે રુપિયા છે પણ ઘેર જઈ ખોલવાનું. ભાડા પેટે સો રુપિયા આપેલા તે દ્વારા તે ઘેર પહોંચ્યો. ઘરે આવી જોયું તો નોટના આકારના કાગળોનાં બંડલ હતા. જે નોટો નહતી. આમ કેટલીક વનસ્પતિ જે સાધનાઓ કે અન્ય ઉપયોગમાં આવે તેવી પણ હોય છે. જે અમૂલ્ય અને ક્યારેક જ

---

× પોશીનાના જંગલમાં સફેદ ખાખરાના ઝાડ છે તેવું જાણવા મળ્યું છે.

ઉગી નીકળે છે તો તે સચવાય તો માનવ સમાજ માટે પણ ઘણી ઉપયોગી સાબીત થાય.

આવો છે રતન મહાલ... ... ... ...

.૧૨.

પંચમહાલ
~~સાબરકાંઠા~~ જિલ્લાની આદિવાસી વન ઔષધિઓ.

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ નામ | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ~~માટે~~ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગમાં આવે છે. | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
| ૧. | કારેગણી | | | સાપ કરડે તેમાં | એક વાર પાવાથી આરામ થાય. | જંગલમાં મળે ચોમાસે શિયાળે મળે | મૂળ લાવી વાટી પાવાનાં એક કપ પીવડાવવાનું | | છોડ આવે છે. એનાં પાન સફેદ આવે છે. જમીનમાંથી કંદ લાવવા, ફુલ રાતુ લાગે, મોટો વેલો થાય છે. |
| ૨. | વાલોરિયો તણાસવેલો | | | પેટમાં દુઃખે તો. | તાત્કાલીક આરામ થાય છે. | જંગલમાં મળે. શિયાળા ચોમાસે મળે. રતનમાલ | બન્નેનાં મૂળ લાવી પાવાનાં, એક કપ જેટલું. | છવાયરામાં ચાલે ઝાડા થયા હોય તો મટે છે. | વેલો આવે, જંગલી વાલોર આવે છે. વેલો આવે- કાંટા-વાળો વેલો આવે છે. મોટા પાન આવે છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | ભાભડો<br>કેતકાકડો<br>કોદારો<br>ગડોઈંગ- સાગ<br>ઘોળોઈંગ |  | ટિકટોના<br>ગ્રેન્ડસ | અજગર<br>કરડેતો | અઠવાડી<br>થામાં<br>આરામ<br>થાય વધુ<br>પણ થાય | જંગલમાં<br>મળે,<br>શિયાળે<br>ચોમાસે<br>મળે. | ગળોના<br>મૂળ લાવી<br>વાટી<br>સાગનું<br>સાંડીયું લવી<br>પાવાની<br>વાટીમોક્ષા<br>કરી ચોપડ<br>વાનું. | કોહવડો<br>લાગે તો<br>ચોપડવું. | ભાભડો વેલો આવે<br>થોરના પાન<br>જેવા પાન આવે.<br>કેતકાકડો એ<br>થોળજેવડો આવે છે.<br>કોદરો -~~આવે~~ મ<br>પાન ઝીણાંનો છોડ<br>આવે છે.<br>હાગ-મોટું ઝાડ<br>આવેછે. |
| ૪. | બૂટીયું |  |  | શરીરમાં<br>કોઈ નુકશાન<br>હોયતો<br>અપચો -<br>ગરબડહોય | એકવાર<br>પાવાની | જંગલમાં<br>બારેમાસ<br>મળે. | તેનું મૂળ<br>લાવી<br>વાટી<br>પાવાનાં | માણસને<br>એક આંગળ<br>અને ઢોરને<br>ચાર<br>આંગળપાવી | વેલો આવે છે.<br>વાલોળ જેવું પાન<br>આવે છે. દારૂ<br>જેટલી અસર કરેછે/<br>મોટું તતરે છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | રતનરો હિડો | રગતરો હિડો | રેમનસ વાઈટીયાઈ | સ્ત્રીને ચોભેન પડે તો | એક કપ આપવા થી એકવાર | જંગલમાં બારેમાસ | તેનું છોડે કુટી એક કપ જેટલું ભખ્યાપેટે પાઈદેવું | સ્ત્રીઓને માસીકન આવે કે અનિયમિત આવેતેમાં ઉપયોગ થાય છે. | મોટું ઝાડ આવે છે. જંગલમાં મળે (દરેક) |
| ૬. | રંઢેરી નુંમૂળ | | | ઊંડો ઘા પડેતો (તીરવાગે તેમાં) | અઠવાડિયામાં | રતનમહલના જંગલોમાં બારેમાસ | રેંઢેરીનું મળલાવી ઘસી ઘામાં ચોપડવું આખો ઘા નપૂરતાં થોડોક બાકી રાખવો. | - | છોડ થાય છે. તેનું ફૂલ ભીંડાના ફુલ જેવું થાય છે. છોડ પણ ભીંડ જેવો થાય છે. ફળ કપાસ જેવું જીંડવું લાગે છે. |

.૧૪.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭. | ખાખરાનો ગુંદર | ખાખરો | બ્યુટિયા ફ્રોન્ડોઝા બ્યુટિયા મોનોસ્પર્મા | ઘા ઉપર | પાંચ દિવસમાં | જંગલમાં દરેક જગ્યાએ | ખાખરાના થડમાં ઘા કરવાથી થોડા દિવસે ગુંદર નિકળે તે ચોપડવો. | - | ખાખરો મોટું ઝાડ થાય છે. દરેક જગ્યાએ મળે છે. |
| ૮. | સાગનું લીલી છાંડીનું | સાગ | ટિકટોના ગ્રેન્ડિસ | કાન પાકે તેમાં | બેચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | સાગનું લીલું છોડીયું લાવી, બાળવું તેમાંથી રસ નીકળે છે તે કાનમાં ચોપડવાથી આરામ થાય છે. | - | સાગ જંગલમાં મળે તેના પાન મોટા આવે છે. ઈમારતી લાકડી માં વપરાય છે. |

.૧૫.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯. | પથ્થરનું મધ | મધ | | શકિતમાટે | મઠવાડિયામાં | પથ્થરવાળી જગ્યાએ | મધ લાવી સાફ કરી ખાવું | - | મધ, ઝાડ, વેલા, દરેક જગ્યાએ બસે પણ પથ્થર ઉપર બસે તે શકિતમાટે વપરાય છે. |
| ૧૦. | ટેકાસેકરી | | | ખોરાક બીલકુલ પચે નહી હાથેપગે સોજા આવે તેવા દર્દમાટે (તેને હુજણીયું દુખ કહે છે) કોઇએ કંઇ પાઇદીધું હોય તેમાં પણ વપરાય છે. | એક જ વાર પાવાથી | રતનમહાલના જંગલમાં બારેમાસ મળે. | તેના મૂળી લાવી ફકત ચાર આંગળતેને જીણું લસોટી ધારીપાવાનું પાવાથી તાત્કાલીક ઝાડા થઇ જાય છે. | ઘણા ઝાડા થતા હોયતો મફકત માવી જાય છે ત્યારે રાબ પાવમાં આવે છે. | બે ફુટ ઉંચો છોડ પથ્થરવાળીજમીનમાં થાય છે. દિવેલાજેવું પાન અને બી આવે છે. ચોમાસામાં ઉગી નીકળે છે. એક સીધા મળવાનો ઉપયોગ કરવો. બે પાંખીયા વાળુ વાપરવું નહિં. |

.૧૬.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧. | કટારું (હડકયું) | કાંટાસરિયો | બાલેરીયા પ્રાયોનિટિસ | હડકાયું કુતરું કરડે તેમાં | એક બે વાર પાવા | જંગલમાં મળે ખેતરમાં રોપવાથી પણ થાય છે. | તેના ફુલના બે ગોટા લાવી લસોટી પાણી સાથે પાઈ દેવા. ગોટામાં કાંટાહોય છે. | | પાંચ છ ફુટ ઉંચો છોડ થાય છે. પાન જાડા આવેછે. સૂરજમૂખીનાં પાન જેવા હોય છે. ફુલખો ગોટો કાંટા વાળો હોય છે. (કરડયું હોય ત્યારે જ તાત્કાલીકપાવું) |
| ૧૨. | કાડ | - | - | તાવમાં પાવાથી | દિવસમા બે વાર એક બે દિવસમાં | જંગલમાં બારે માસ | તેના મૂળ લાવી પાણી સાથે પાવું | | વેલ આવે છે. વાલોર જેવા પાન આવે છે. |

| १. | २. | ३. | ४. | ५. | ६. | ७. | ८. | ९. | १०. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| १३. | આંકડાનું મૂળ | આંકડો | જાઈ ગેટ્સ અને કેલેટ્રોપીસ પ્રોસીરા | વીંછીના ડંખમાં | તાત્કાલીક | દરેકજગ્યાએ ખુલ્લી જગ્યાઓમાં બારે માસ | તેનું મુળ લાવી તેને ઘસી જયાં કરડયો હોય તેની નીચેની બાજુ ચોપડવું. | | આંકડો દરેક જગ્યાએ હોય છે. તેનાં પાન મોટાં હોય છે. તેમાંથી દૂધ નીકળે છે. ફુલ હનુમાનને ચઢે છે. |
| १४. | (१) ટીટવો (२) વસન (३) કવચનુંમળ (४) વિંછીયો | ઢવર (ભેરવસીંગ) | મ્યુકયુના પુરિયંન્સ | નાગ કરડેતો | તાત્કાલીક પાવાથી અસર કરે છે. | રતનમહાલના જંગલમાંબારે માસ મળે છે. | ટીવાનીછાલ વસનનુંમૂળ કવચનુંમળ વિંછીયાના પાન અથવા મળલાવી લસોટી એક કપ જેટલું પાવાથી વિઠાયડતું નથી. | – | ટીટવો વેલ છે. તેનાંપાન લાંબા આવે છે.ભેંસના શીંગડા જેવા ફળ આવે છે. વસન વેલ આવે છે. ઝીણાપાન આવે છે. કવચ વેલ આવે છે. તેના પાપડીથાયછે. વિછીંઓ નાનો છોડ છે.ખાખરા જેવાં પાન આવે છે.બારે માસ જંગલમાં મળેછે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫. | ખેરનું કુહણું | ખેરનોપીલો | એક સિસા કેટેચ્યુ | અજગર ફુક મારે તેમાં | અઠવાડીયા દસ દિવસ માં આરામ થાય છે. દિવસમાં ત્રણ ટાઈમ ચોપડવું | જંગલમાં અન્ય (રતનમહાલ) | ખેરના ~~વાળમાં~~ ખડમાં એક કુહણું ફુટે છે તે લાવી રાખવું અને કરડેતે ઉપર ઘસી ચોપડવાથી પાકેલ હોયતો ફુટી ~~આગળ~~ આરામ થાય છે. | - | ખેરનાથડમાં એક છોડ જેવું ફૂટે છે. તે વજનમાં હલકું હોય છે. તેદરેક ખેરમાં ફુટતુંનથી. કયારેક જ જોવા મળે છે. |
| ૧૬. | ડણી | | | બહુઝેરી નાગ કરડે તેમાં | એક બે વાર પાવું. તાત્કાલીક અસરકરે છે. | રતનમહાલના જંગલમાં ભાદરવા માસમાં મળે. | મળ લાવી જીણું વાટી થોડું પીવું અને શરીરે પણ ચદપડવા માં આવે છે. | | ડણી છોડ થાય છે. તેના પાન નાના અને સફેદ હોય છે. ભાદરવામાસમાં ઘણા ઉગી નીકળે છે. |

.૧૯.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭. | દૂધી | દૂધેલી | યુફોબિયા પિલ્યુલિફેરા | જનાવર કરડે તેમાં | એકાદ બે વાર પાવાથી એક દિવસમાં | જંગલમાં ચોમાસે ઉનાળે મળે. | તેનાં મૂળ લાવી તેને વાટી ચોપડવામાં આવે છે. પીવામાં વપરાતું નથી. | - | વેલા જેવો છોડ આવે છે.પાન તોડવાથી દુધ નીકળે છે. ખાડું હોયતો ઉનાળે પણ મળે છે. |
| ૧૮. | કડવાડોડી | | | જનાવરમાં | એક દિવસમાં બે વખત આપવું | રતનમહાલ ના જંગલમાં બારેમાસ મળે. | મૂળ લાવી તેને ઘસી ચોપડવામાં અને પીવામાં ઉપયોગ કરવો. | - | વેલ આવે છે તેનાં પાન ચાર આંગળ જેટલાં હોય છે. જંગલમાં બારેમાસ મળે. |

.૨૦.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯. | આલેરીના પાન કમોદના ચોખા | | | લકવામાં | સાતદિવસ માં અથવા સાત રવિવારમાં | રતનમહાલનાં જંગલમાં બારેમાસ | ચોખાની અંદર આલેરીના પાન રાંધી ખાવાથી સાત દિવસમાં આરામ થાયછે. | | મોટું ઝાડ આવેછે. તેના પાન ભાત સાથે રાંધી ખાવા સાત દિવસમાં અથવા સાત દિતવારે ખાવામાં આવે છે |
| ૨૦. | હાંધાવેલ | હાડસંધિ (બોડોવાંદો ~~વાંદો~~ ઝાડ સાંકળ) | વિસ્કમ આર્ટિકયુલેટસ વિસ્કામ એંગ્યુ લેટમ | હાડકું ભાંગે તો | એકવાર પાવાથી | જંગલમાં બારેમાસ (રતનમહાલ) | હાડકાના જે જેટલા ટુકડા થયા તેટલા ટુકડાઓ ઝીણાવટી પાવાથી મટી જાય છે. | | વેલ આવે છે. પાન આવે નહીં ફકત સાંધા આવે છે. ઝાડ ઉપર ચઢે છે. તેનો ટુકડો લાવી રોપવાથી પણ ઉગી નીકળે છે. છોડ લીલો હોય છે. |

.૨૧.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧. | જરખનુંતેલ | જરખ | | કળતર | બેદિવસમાં | કોઇકપાસે સંઘરેલ હોય તો મળે. | તેનું તેલ અથવા ચરબી ઘસવાથી કળતર દુર થાય છે. | - | જરખ પ્રાણી આવે છે. તે કયારેક મરી જાય ત્યારે તેની ચરબી સાચવી રાખવામાં આવેછે. |
| ૨૨. | બોખરી | | | ટાઇફ | બે ત્રણ દિવસ ખાવાથી | જંગલમાં | બોખરી એકનામું પ્રાણી છે. તેનું માંસ ખાવાથી વાઈનો રોગ મટેછે. | - | બીલાડી જેવું ચાર પટ્ટાવાળુ પ્રાણી છે તેમાં નાનીમોટી એમ બે જાત આવે છે. નાની કામ આવે છે. |
| ૨૩. | જળવેલ | જાળજાંબવો | ઓલ્ડટરને થેરા સેલિલિઝ | અપચામાં | એક બે વાર લેવાથી | જંગલમાં બારેમાસ | તેનાંમૂળ લાવી લસોટી પાવાં એકબેવાર પાવા | | વેલ આવે છે. ચાર આંગળ જેવડાં પાન આવે. જંગલમાં બારે માસ મળે છે. |

.૨૨.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪. | (ક) આંબાનો ગુંદર (ખ) ખેરનું દાતણ | આંબાનો ગુંદર | મેંજી ફેરા ઈન્ડિકા | દાંતનો દુઃખાવો | એક બે વાર મુકવો. દાતણ ચાવવું | જંગલમાં બારે માસ | આંબાનો ગુંદર મુકવો ખેરનું દાતણ કરવાથી દાંત મજબુત બને છે. | | આંબો મોટું ઝાડ છે. તેને કેરી લાગે છે. તેનાં પાન લાંબા હોય છે. ખેર મોટું ઝાડ છે. જંગલમાં થાય છે. |
| ૨૫. | કાંચીતીમધ | કુતિયુ મધ (જંગલી માખવાળું મધ) | | શકિતમાટે સુવાવડી બાઈને માટે ખાસ | - | ઝાડના પોલાણમાં પત્થરના પોલાણમાં જમીનમાં | તેને ખોદી અંદરથી મધ બાર કાઢવું અને ખાવું | | નાની માખીઓ આવે છે. તે કરડતી નથી. જમીનમાં ઉંડાણમાં કે કોતરોમાં આ મધ હોય છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨. | સામળસીંગ | સાબરસીંગ | | માથાના દુખાવામાં | તાત્કાલીક | સાચવી રાખેલ હોયતો | સીંગ ને ઘસી કપાળે ચોપડવું | | સાબર હરણ જેવું પ્રાણી છે. મોટા સીંગડા આવે છે. |
| ૩૩. | (૧) સેવરાસાઉ (૨) ઉંમરાને પાલો (૩) ગરવેલ (૪) કાળોબુઢી-પારો | ઉંબરો | ફાઈકસ ગ્લોમિરેટા | ગાય ભેંસનું દુધ બાળવા માટે | બે ટાઈમ પાવાથી એક દિવસ | રતનમહલનાં જંગલમાં બારે માસ | ચારેયનાં મૂળ લાવી ઝીણા વાટી પાણી સાથે પાઈ દેવાનાં | | સેવરાઉ છોડ આવે છે. તેના પાન ઝીણાં આવે છે. ઉંમરો મોટુંઝાડ આવે છે. ગરવેલ વેલ છે. કાળો બુઢા પારો વેલ આવે છે. |

.૨૬.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬. | માંધણાનો ગુંદર | | | સળકે શરીર દુઃખે તેમાં | બે ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | માંધણાનો ગુંદર લાવી જયાં દુઃખતું હોય તે જગ્યાએ | | મોટું ઝાડ આવે છે. રતનમહાલ ના જંગલમાં મળે છે. |
| ૨૭. | સફેદ શેવરો | | | પરમીઆમાં (ગભમાં) | બે દિવસમાં | જંગલમાં બારેમાસ રતનમહાલ | તેનાં મૂળ લાવી વાટી પીવાં. | | વેલ આવે છે. કાંટા વાળી છે. |
| ૨૮. | દૂધઓળીઓ | | | સ્ત્રીના સ્તનમાં દૂધ લાવવા | અઠવાડીયામાં | જંગલમાં ભેજવાળી જગ્યાએ ઉગે છે. ચોમાસામાં મળે. | તેનો કંદ લાવી ખાવમાં ઉપયોગી થાયછે. | | વેંત જેટલો ઉંચો છોડ આવે છે. એકપાન આવે છે. નીચે સોપારી જેટલું કંદ આવે છે. |

.૨૪.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯. | હાથોળી ચરમોઈ | સફેદચણોઠી | એ બેસ પિકેટો રિયસ | કાન પાકે તેમાં | બે ચાર દિવસ માં. | દરેક જગ્યાએ ખેતર, જંગલ માં મળે | તેના પાન નો રસ કાઢી કાનમાં નાખવો. | વેલ આવે છે. આંબલી જેવાં પાન આવે છે. |
| ૩૦. | મોરનોપગ | મોર | | કાનમાં દુ:ખે પાકે તો | એક બે વારમાં | [illegible] | તેના પગને ઘસી કાનમાં નાખવામાં આવે છે. | રાષ્ટ્રીય પક્ષી મોર છે. |
| ૩૧. | સુવરનો [illegible] સેડ | સુવર | | વીંછીંના ડંખ પર | તાત્કાલીક | સાચવી રાખી હોયતો | તેના હોઠને ઘસી વીંછી નાં ડંખમાં ચોપડવો. | સુવર પ્રાણી છે. જંગલમાં મળે છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૩૪. | કેકડી કાપસાનું ચોડું | કરચલો કાચબો | | ઢોરોને કયારેક દીલ નિકળતું હોય છે. | એક વાર બેસાડવાથી | કરચલો નદી તળાવમાં મળે. કાચબો જંગલમાં ખેતરમાં | કરચલાને લાવી વાટી તેમાં કાચબાનું ઉપરનું સખત પડ ઘસી હાથે ચોપડી હાથ વડે સાચવી ને બેસાડી દેવાથી ફરીવાર હાડ ખસતી નથી. | | કરચલોએ પાણીમાં રહેનાર જીવ છે. કાચબો બહાર અને પાણી બન્નેમાં રહેનાર જીવ છે. તેના ઉપરનું પડ સખત હોય છે. |
| ૩૫. | ગરકો જંગલીભીંડો રાનો | વગડાઉભીંડો | | ચાંદા ઉપર | બે દિવસમાં | જંગલમાં ચોમાસે શિયાળે | બન્નેના મૂળ ઘસી ચાંદાઉપર ચોપડવાં | . . | ગરકો છોડ થાવેછે. ચોમાસામાં જંગલમ ઉભી નીકળે છે. ભીંડો છોડ છે. તે જંગલમાં અનાયસે થતો હોવાથી વગડ ભીંડો કહેવાય છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬. | રકતાલી | | | સખતઝાડામાં | એક દિવસમાં | રતનમહાલના જંગલમાં ચોમાસે શિયાળે મળે. | તેના મૂળ લાવી ઘસી પાણી સાથે પાવું | | વેલ આવે છે. પાવડી જેવું પાન હોય છે. ઉનાળે મળે પણ વેલ સુકાઇ ગયેલ હોય છે. તેથી નિશાન રાખવું પડે. |
| ૩૭.(૧) | કાળીમૂસળી/મૂસળી (૨) ડણી | | કકર્યુલિગો ઓર્કિઓઇડિસ | ખુબમાથું દુઃખતું હોય તેમાં | તાત્કાલીક આરામ થાય છે. | જંગલમાં ચોમાસામાં મળે. | બન્નેમાં મળ લાવી ઘસીકપાળે ચોપડવાથી આરામ થાય છે. | | છોડ આવે છે. મૂસળી ચોમાસામ થાય. ડણીપણ છોડ છે. સાગના જેવા મોટાપાન આવેછે બેત્રણ પાન હોય : |

.૨૮.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮. | ટીટવો | | | ઢોરને સડો લાગે તેમાં | બે ત્રણ દિવસમાં | રતનમહાલ ના જંગલમાં બારેમાસ | તેની છાલ લાવી તેને ઘસી સડો લાગ્યો હોય તે ભાગ ઉપર ચોપડવી. | | ટીટવો મોટું ઝાડ થાવે છે. તેનાં પાન લાંબા હોય છે. બારે માસ મળે. |
| ૩૯. | ઢેકાસોકડી | | | ગર્ભપાતમાં | એકવારમાં | રતનમહાલ ના જંગલમાં ચોમાસે શિયાળે | તેના મૂળ લાવી વાટી પાણી સાથે પાઈ દેવાનાં. ૫૦ ગ્રામ થીવધારે ન પાવાં | | નાનો છોડ ચોમાસામાં થાય છે. એરંડા જેવાં પાન હોય છે. ઉનાળામાં મળતા નથી. પાંચ માસનો ગર્ભ નાશ થઈ શકે છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૦. | વાજીયા તાડનો હાથો | તાડ | બોરેસસ ફ્લેબેલીફર | ગર્ભ ધારણ કરવા માટે | ચાર પાંચ દિવસ | વાંજીયા તાડ ઉપર હાથના જેવા આકાર ફુટે છે. | આ હાથો લાવી દિવસમાં બેત્રણ ટાઈમ પાવાથી સ્ત્રીને ગર્ભ રહે છે. સાથે વળીયારી સાકર, વાપરવી. | | વાંજીયાતાડને એક હાથ લાંબો ફણગો ફુટે છે. તેને તાડનોહાથો કહે છે. તેવાવી સ્ત્રીને પાવાથી ગર્ભ રહે છે. |
| ૪૧. | ધોળોખાખરો | સફેદ ખાખરો | સ્પાથો લાબસરોકસ ભુયાઈ | પરમીયો ગભમાં | એકાદ બે દિવસમાં | રતનમહાલ નાં જંગલ માં બારે માસ | તેનાં છોડા લાવી ઘસી પાવાથી આરામ થાય છે. | ચાંદા પડયા હોયતો ભોયરિંગણી નામળ લાવી ઘસી વાપરેછે. | ખાખરો મોટું ઝાડ આવે છે. તેના ફુલ સફેદ આવે છે. તેથી તે સફેદ કહેવાય છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨. | રગત-રોહીડો | રગતરો-હીડો | રેગ્નેસ વાઈટીઆઈ | સ્ત્રીનું ગભાશય સાફ કરવામાં | એક બે વાર બેતણ દિવસ પાવાથી | જંગલમાં બારેમાસ | તેની છાલ ઘસીપાવાથી તેનાં મૂળ પણ પાઈ શકાય છે. એક કપ જેટલું પાવાનું | | મોટું ઝાડ થાય છે. લગભગ ગુજરાતના દરેક જંગલોમાં મળે છે. |
| ૪૩. | એરંડાનું મૂળ | એરંડો (દિવાસીથી) દિવેલો | રિસિનસ કોમ્યુનિસ | પ્રસુતિ ન થતી હોય પીડા થતી હોય જલ્દી થવા માટે | તાત્કાલીક | દરેક જગ્યાએ | એક વર્ષ જૂના એરંડાનું મૂળ લાવી એક આંગળ જેટલું ઘસી પાવું, થોડુંક આંખમાં આંજવું. | | દિવેલાનો છોડ જે મોટા ભાગે દરેક જગ્યાએ થાય છે. તેના મૂળનો ઉપયોગ કરવો વધારે પાવું નહીં. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૪. | ભોરિંગણી | ભોરીંગણી | સોલેનમ ઝેથોકાર્પ | તાવ તોડવા (એકવઠાજુનો તાવ) | તાત્કાલીક | દરેક જગ્યાએ ખેતર, જંગલ બારેમાસ | રિંગણીના છોડનો થોડો ભાગકાપી તેનાં કાંટા સાકકરી ચાવી ચાવો. | | કાંટાવાળી રિંગણી આવે છે. દરેક ઋતુમાં મળે છે. |
| ૪૫. | ખરજવા-સીમેલ | ગરમાળો | કેસિયા ફિસ્ચ્યુલા | ચામડીના રોગ ખરજવા માટે | એક અઠવાડી યામાં | રતન મહાલ ના જંગલમાં બારે માસ | તેની છાલ લાવી એક કોરા માટલામાં વાટી ભરવી. તેની નીચે એક નાનું છીદ્દ પાડી એક કુલડી મુકવી આબધુ જમીન માં ખાડો ખોદી કરવું તેનાઉપર અગ્ની સળગાવવો જેથી નીચેની કુલડીમાં જે પ્રવાહી આવે તેનો ઉપયોગ ખરજવા ઉપર ચોપડવા કરવો. સાધનો બધા નવા વાપરવા અને માટીના | | ઝાડ મોટું આવે છે. દોઢ હાથની સીંગ આવે છે. બારે માસ મળે છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૬. | હળદર આકડાનું દુધ સીંગતેલ કુકડીનો સેર | હળદર આંકડાનું દુધ સીંગતેલ કુકડીનો હગાર | કરકચુમાલોંગા જાળી ગેંરીયાં | રતાંધણાં પણામાં | એકવાર ભરવાથી | દરેક જગ્યાએ ઉપલબ્ધ | ચારે વસ્તું થોડી થોડી મીલાવટ કરી સાંજે આંખોમાં ભરી સુઈ જવું. સવારે આંખનો અને પડલ મોટા થઈ જાય છે. તેમાંથી બેચાર દિવસ પાણી જરી આંખ સાફ થઈ જાય છે અને દેખતા થવાય છે. | | નોંધ: દરેકનું પ્રમાણ પણું ઓછું અને પ્રમાણસર રાખવું. (આવા પ્રયોગ છેલ્લી પડીએ થાય છે.) |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭. | ખાખરો | ખાખરો | બ્યુટિયા ફોંડોઝા (બ્યુટિયા મોનોસ્પર્મા) | તરિર અથવા ધા પડે તેમાં | એક વાર ભરવાથી બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | ધા પડે કે તરત જ ખાખરાની કુમળી કુંપો લાવી મોમાં ચાવી ધા ઉપર ભરવી. | | ખાખરો મોટું ઝાડ આવે છે. લગભગ દરેક જગ્યાએ મળે છે. |
| ૪૮. | મરચું | મરચી | કેપ્સિકમ ફ્રુટેસેન્સ | ઢોર કે માણસને લોહીવાળા ઝાડા થતા હોય, માંદુ હોય તેમાં | એકવાર પાવાથી | જંગલમાં ચોમાસામાં મળે | તેનું મૂળ લાવી ઓછીમાત્રામાં માણસને અને તેથી થોડુંક વધારે પશુને આપવું | | મરચા જેવો છોડ આવે છે. નાના મરચા પણ લાવે છે. ~~xxxx~~ જંગલમાં થાય છે. ખૂબ જલદ હોવાથી તે માત્રા ખુબ ઓછી આપવામાં આવે છે |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૯. | જરકડી | | | નાના બાળકના ઝાડામાં | એક દિવસ માં બે વાર આપવું | ચોમાસા માં જગંલમાં | તેનામૂળ લાવી ઘસી નાના બાળકને એક બે ચમચી પાઈદેવા | | જરકડી નાનો છોડ આવે છે. ચોમાસામાં થાય છે.કાળું કાળું બોયારું આવે છે. તુલસી જેવા પાન થાય છે. |
| ૫૦. | સહેણ | | | મુઢં માર લાગેલો હોય તે ઉપર | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ (રતનમહાલ) | તેની છાલ લાવી ગરમ કરી શરીર ઉપર ભરવું અને થોડુંક પીવું | | સહેણ મોટું ઝાડ આવે છે. મહુડા જેવા પાન આવે છે.બારેમાસ જંગલમાં મળે છે. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|
